નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
# નારાયણ વિદ્યાલય, ભરૂચ.
**નારાયણ ધ્વનિ : અંક-૩૯ • વર્ષ ૨૦૨૫-૨૬**

## પ્રસ્તાવના

ભરૂચ શહેરના શકિતનાથ વિસ્તારમાં આવેલી નારાયણ વિદ્યાલય શાળા સન્ ૧૯૮૩થી શિક્ષણક્ષેત્રમાં પોતાની ઉત્તમ સેવાઓ પ્રદાન કરી રહી છે. **આ શાળામાં પૂર્વ-પ્રાથમિકથી લઇને ઉચ્ચતર માધ્યમિક વિભાગ સુધી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં કુલ ૫૦ વર્ગો છે, જેમાં ગુજરાતી માધ્યમના કુલ ૧૩૩૬ વિદ્યાર્થીઓ અને અંગ્રેજી માધ્યમના કુલ ૭૦૫ એમ બંને મળીને કુલ ૨૦૪૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. સાથે જ શાળામાં ૮૦ શૈક્ષણિક અને ૨૨ બિનશૈક્ષણિક કર્મચારીગણ કાર્યરત છે.**

- શાળા ભરૂચ તાલુકાની ૮૯ શાળાઓનું ભૃગુઋષિ SVS કેન્દ્ર ધરાવે છે.

**<u>વર્ષ ૨૦૨૫-૨૬માં લેવાયેલ માર્ચ-૨૦૨૫ની બોર્ડ પરીક્ષામાં :</u>**

- **S.S.C. બોર્ડ ગુજરાતી માધ્યમનું પરીણામ ૯૬.૨૪% આવ્યું,**જેમાં શાળાના **૧૪** વિદ્યાર્થીઓએ **A1** ગ્રેડ તથા **૩૨** વિદ્યાર્થીઓએ **A2** ગ્રેડ પ્રાપ્ત કર્યો. **મોદી પ્રેક્ષા નરેશકુમાર ૯૬% સાથે શાળામાં પ્રથમ ક્રમે** રહ્યા.
- **S.S.C. બોર્ડ અંગ્રેજી માધ્યમનું પરિણામ ૮૮% રહ્યું. જેમાં આંગ્રે ગાર્ગી વેભવ ૯૦% સાથે શાળામાં પ્રથમ ક્રમાંક હાંસિલ કર્યો.**
- **H.S.C. બોર્ડ વિજ્ઞાન પ્રવાહ ગુજરાતી માધ્યમનું પરિણામ ૯૮.૫૫% આવ્યું.** જેમાં ૨ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ હાંસિલ કર્યો જેમાં **ઠાકર ધ્યેય જયેન્દ્રભાઇ એ ૯૫% પરિણામ <u>સાથે સમગ્ર ભરૂચ જિલ્લામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.</u>**
- **H.S.C. બોર્ડ વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમનું પરિણામ ૭૨.૯૨% રહ્યું જેમાં મેવાડા હિરેન બી. ૮૧.૨૦% સાથે પ્રથમ રહ્યા.**
- **H.S.C. બોર્ડ સામાન્ય પ્રવાહ ગુજરાતી માધ્યમનું પરિણામ ૧૦૦% આવ્યું. જેમાં પટેલ દિશાબેન દિપકભાઇ એ ૮૮% સાથે પ્રથમ ક્રમ મેળવ્યો.**
- **H.S.C. બોર્ડ સામાન્ય પ્રવાહ અંગ્રેજી માધ્યમનું પરિણામ ૮૭.૧૮% આવ્યું. જેમાં રાણા ખુશી હરીશ કુમારે ૯૦.૫૩% સાથે શાળામાં પ્રથમ ક્રમ હાંસિલ કર્યો.**
- ગુજરાત બોર્ડની પરીક્ષાઓના શ્રેષ્ઠ પરિણામની સાથે સાથે નારાયણ વિદ્યાલય રાજય, ઝોન, જિલ્લા, SVS, તાલુકા કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહીને ઉત્તમ દેખાવ કરી રહી છે.

### <u>આંતરરાષ્ટ્રીય કક્ષાએ</u>

- ફ્રેન્ડશીપ ફોરમ કલબ ઓફ ઇન્ડિયા દ્વારા પ્રતિ વર્ષ Certificate of Excellence દ્વારા સમગ્ર રાષ્ટ્ર માંથી ઉત્તમ વ્યકિતત્વને સન્માનિત કરવામાં આવે છે, જે અંતર્ગત શાળાના **ડાયરેકટર શ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિને** શિક્ષણક્ષેત્રમાં રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનન્ય યોગદાન આપવા બદલ **"Intellectual Achievers of World Award"** થકી નવાજવામાં આવ્યા.

### <u>રાજય કક્ષાએ</u>

- નેશનલ સાયન્સ સેમિનાર ગવર્મેન્ટ કોલજ, ગાંધીનગર ખાતે આયોજિત રાજય કક્ષાની સ્પર્ધામાં ધો. ૧૦-બ ની વિદ્યાર્થીની ટંડેલ પ્રિયાંશી જે. એ "કવોન્ટમ યુગની શરૂઆત સંભાવના અને પડકારો" વિષય પર પોતાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું.